### એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સતત ત્રીજી વખત

# હેકાથોન જીતીને "હેટ્રિક" વિક્રમ સ્થાપિત કર્યો



ગાંધીનગર, તા. ૭

ગુજરાત શિક્ષણ બોર્ડ, SSIP, GKS દ્વારા Entrepreneurship Development Institute of India ખાતે યોજાયેલ નેશનલ કોન્ફરન્સ દરમિયાન "ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ હેકાથોન ૨૦૧૯"ના વિજેતાઓને ઈનામ વિતરણ કરવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સતત ૩૬ કલાક કોડીંગ કરીને આપેલી સમસ્યાનો આદર્શ ઉકેલ આપવાનો હતો. ગુજરાતની વિવિધ કોલેજોની અંદાજે ૧૭૧ ટીમ વિવિધ કેટેગરીમાં ફાઈનલ રાઉન્ડ માટે પસંદગી પામી હતી અને તેના અંતર્ગત સાલ ઈજનેરી કેમ્પસ ના કોમ્પ્યુટર એન્જીનીયરીંગ વિભાગના પ્રોફેસર કૌશલ જાની અને તેમની ટીમની "સ્માર્ટ IO" ટીમને સ્મોલ કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. ઉલ્લેખનીય છે કે આ ટીમે સતત ત્રીજીવાર વિજેતા બનીને "હેટ્રિક" સ્થાપિત કરેલ છે. આ અગાઉ આ ટીમે બે નેશનલ હેકાથોનમાં પણ વિજેતા થયેલ છે. આ ટીમને ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે રૂા. ૫૦ હજારનો ચેક અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ છે.

આ ટીમ દ્વારા ગાંધીનગર અને અન્ય સ્માર્ટ સીટી માટે માનવ રહિત **Autonomous Parking Solution**નો પ્રોજેક્ટ બનાવવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ પાર્કિંગ કરવામાં મદદરૂપ થશે સાથે સાથે ગુના કરીને ફરાર આરોપીને પકડવા માટે પણ મદદ કરશે. સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમમાં કમ્પ્યુટરની આર્ટીફીશયલ ઈન્ટેલીજન્સની મદદથી કાર્ય કરે છે અને "ડીજીટલ પેમેન્ટ"નો ઉપયોગ કરીને સમયની બચતનો એક નવો અભિગમ દર્શાવે છે. સ્માર્ટ પાંકિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને નાગરીકો પોતાન મોબાઈલે વડે પોતાની પાર્કિંગ માટેની જગ્યાનું પ્રી-બુકિંગ કરાવી શકે છે. આ પ્રોજેકટ ની મદદથી ૮૦% વીજળીની પણ બચત શક્ય છે. આ પ્રોજેક્ટના ઉપયોગ થી ઓછી જગ્યામાં વધુ વાહન પાર્ક કરી શકાશે, સાથે સમય અને ઈંધણની પણ બચત થશે. ભવિષ્યમાં આ પ્રોજેક્ટનો ઉપયોગ સ્માર્ટ સીટીની પોલીસી બનાવામાં પણ કરી શકાય છે.

# આઈઆઈટી-ગાંધીનગરને 'ઈટ રાઈટ કૅમ્પસ ઍવોર્ડ'



ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટૅકનોલૉજી, ગાંધીનગરને 'ઈટ રાઈટ કૅમ્પસ ઍવોર્ડ' પ્રાપ્ત થયો છે. ઉલ્લેખનીય છે કે આઈઆઈટી, ગાંધીનગર એ આ ઍવોર્ડ પ્રાપ્ત કરનાર દેશની પ્રથમ શૈક્ષણિક સંસ્થા બની છે. ફૂટ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડડ્ર્ઝ ઑથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા સંસ્થાને આ ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

નવી દિલ્હી ખાતે પ્રથમ વર્લ્ડ ફૂટ સેફ્ટી ડે નિમિત્તે આયોજિત એક સમારોહમાં સંસ્થા વતી પ્રૉ. સુધીર કે જૈન દ્વારા શુક્રવારે આ ઍવોર્ડ સ્વીકારવામાં આવ્યો હતો.

## જન્મદિને વધામણી



મંથન ઉમાકાન્ત ભટ્ટ



ભૃગુ ભરતભાઈ શ્રીમાળી



જીનલબા દેવેન્દ્રસિંહ ચુડાસમા
મો. ૯૬૨૪૦ ૨૦૪૨૦

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# નારદીપુરમાં આજે લોક ડાયરો





ગાંધીનગર, તા. ૭

ગ્રામ સેવા મંદિર, નારદીપુર દ્વારા શનિવારે રાત્રે નારદીપુર ખાતે ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં ગ્રામ સેવા મંદિરના પ્રમુખ કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું છે કે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની સહાયથી પ્રસ્તુત આ લોક ડાયરામાં ગુજરાતના જાણીતા લોકગાયક જિજ્ઞેશ કવિરાજ અને આપણા જ મલકનાં લોકગાયિકા અભિતા પટેલ ગીત-સંગીત અને લોકસંસ્કૃતિનો રસથાળ પીરસશે.

ગ્રામ સેવા મંદિર સંચાલિત પ્રિ-પ્રાઈમરી સ્કૂલના શુભારંભ પ્રસંગે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૮ જૂન ને શનિવારના રોજ રાત્રે ૮ કલાકે બી આર મહેતા સ્કૂલ પરિસર, નારદીપુર ખાતે આ લોક ડાયરો યોજવામાં આવ્યો છે. કાર્યક્રમ માણવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી. કાર્યક્રમ જાહેર જનતા માટે નિઃશુલ્ક છે, તેનો લાભ લેવા માટે સંગીત નાટક અકાદમી અને ગ્રામ સેવા મંદિર દ્વારા સૌ કલારસિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કે.પી.ટી.એલ. દ્વારા કરાઈ પર્યાવરણ દિનની ઉજવણી



ગાંધીનગર સ્થિત કલ્પતરૂ કંપનીએ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. એમણે પોતાની જ કંપની પ્રિમાઈસિસ ખાતે ૪૫ છોડ વાવ્યા હતા. આ દિવસે પર્યાવરણ વિશે ક્વિઝ કોમ્પિટિશન પણ રાખવામાં આવી હતી. જે કર્મચારી પોતાના ઘરે છોડ વાવવા ઈચ્છતા હોય એમને છોડ પણ ભેટમાં આપવામાં આવ્યો હતો.

## યુનિ. સિન્ડીકેટની ચૂંટણી ૨૪મીએ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની સમયમર્યાદા આગામી તા. ૨૫મી જૂને પૂરી થઈ રહી છે ત્યારે યુનિવર્સિટીએ આજે સિન્ડિકેટની કુલ ૧૩ અને બોર્ડ ઓફ એકાઉન્ટન્ટની ત્રણ બેઠક માટેની ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. આ માટે જાહેરનામું બહાર પાડી દેવામાં આવ્યું છે. તા. ૨૪મી જૂન, સોમવારે બપોરે ૧૨.૪૫થી ૩ સુધી મતદાન થશે. ચૂંટણી માટે તા.૧૪મીને શુક્રવાર સાંજે ૪ સુધી ઉમેદવારીપત્રાકો સ્વીકારાશે. સિન્ડિકેટની ૧૩ બેઠકની સાથે બોર્ડ ઓફ એકાઉન્ટન્ટના ત્રણ સભ્યોની ચૂંટણી પણ યોજાશે. ઉલ્લેખનીય છે કે સિન્ડિકેટની કુલ ૧૩ બેઠક માટે ચૂંટણી યોજવામાં આવશે. બાકીના ૬ સિન્ડિકેટ સભ્યોની નિયુક્તિ સરકાર દ્વારા કરવામાં આવતી હોય છે.

## ગાંધીજીનો વિનોદ

॥ ૫૧મો મણકો ॥

**૧૨૩ - બીજા સાથે પ્રેમમાં ન પડે એ જોજો**

એક વાર ખાન અબ્દુલ ગફારખાન અને તેમના પુત્ર અબ્દુલગની ખાન વચ્ચે મતભેદ પડ્યા. પિતા ઈચ્છતા હતા કે પુત્રે સરહદી પ્રાંતમાં ગરીબોના સેવાકાર્યમાં જોડાઈ જવું જોઈએ. પુત્રને એ ગમતું ન હતું. તેમને કળાનો શોખ હતો તેથી તે શાંતિનિકેતનમાં રહેતા હતા.

આખો પ્રશ્ન ગાંધીજી પાસે ગયો. અબ્દુલગની ખાનનો કળાપ્રેમ કેવો છે તે ગાંધીજી જાણવા ઈચ્છતા હતા તેથી તેમણે પ્રૉફેસર કૃષ્ણ કૃપલાની દ્વારા નંદલાલ બોઝને પુછાવ્યું.




તેમણે કહ્યું, ગનીની કળા વિશેની શક્તિની નંદુબાબુ કદર કરે છે. પણ કળાના અભ્યાસમાં તે ગંભીર નથી. કળા સાથે પ્રેમ કરતા હોય એવું લાગે છે.

ગાંધીજી હસીને બોલ્યા, ઓહો. વાત એમ છે ?

તે કોઈ બીજા સાથે પ્રેમમા ન પડી જાય તેટલું જોજો.

આખી મંડળી હસી પડી. પછી ગાંધીજીએ ખાન અબ્દુલ ગફારખાનને કહ્યું કે ગનીને તેમના વલણની વિરુદ્ધ કંઈ કરવાની ફરજ ન પાડવી.

**૧૨૪ - લાકડી જોડીદાર**

ગાંધીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ગયા ત્યારે લંડનના ગરીબોના લત્તામાં રહ્યા હતા. ત્યાં કિંગ્સલી હૉલમાં મનોરંજનના કાર્યક્રમો પણ રાખવામાં આવતા હતા. ગાંધીજીના દર્શનાર્થે મોટી સંખ્યામાં સ્ત્રી-પુરુષો ત્યાં આવતાં અને તે બધાં ભેગાં મળી આનંદથી નૃત્ય પણ કરતાં તે જોવા ગાંધીજી પણ જતા. એવા એક પ્રસંગે આનંદી ટોળામાંથી કોઈકે પૂછ્યું,

મિ. ગાંધી. આ અમારું લોકનૃત્ય ચાલે છે, તેમાં આપ નહીં જોડાઓ?

ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું, કેમ નહીં ? પછી પોતાના હાથમાં પકડેલી લાકડી ઊંચી કરી અને સૌને બતાવતાં બોલ્યા,

આ લાકડી મારી જોડીદાર બનશે.


તેમની આ ચતુરાઈ અને તેમાં ભળેલો વિનોદ સાંભળી તેઓ ખડખડાટ હસી પડ્યા.

**૧૨૫ - એર કન્ડિન્ડ ટાંગો**

જાણીતા પત્રકાર લૂઈ ફિશર ગાંધીજીને મળવા વર્ધાથી ટાંગામાં બેસી સેવાગ્રામ આવ્યા હતા. ભરઉનાળો હતો. ફિશર પરસેવે રેબઝેબ થઈ ગયા હતા અને ગરમીથી અકળામણ અનુભવતા હતા.

તેમને જોતાં જ ગાંધીજીએ આવકાર આપતાં કહ્યું, આવો, આવો. તમે ઍર કન્ડિશન્ડ ટાંગામાં આવ્યા લાગો છો.

ગાંધીજીના આ વિનોદથી ફિશરની આ અકળામણ હાસ્યમાં ઓગળી ગઈ.




'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# શું છોકરીઓ સંરક્ષણ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવી શકે ?




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કૉર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. હું ધોરણ ૧૧ સાયન્સ માં અભ્યાસ કરું છું? શું છોકરીઓ ડિફેન્સ માં જઈ શકે? એના માટે શું કરવું જોઈએ?**

**- વિધી રાણા , અમદાવાદ**

વિધી, સૌપ્રથમ તો આપને અભિનંદન કે આપ સંરક્ષણ ક્ષેત્ર માં જવા માંગો છો અને દેશ ની સેવા કરવા માંગો છો.તો આપણે જણાવી દઈએ કે હા, આપ બિલકુલ જઈ શકો છો.આપણાં દેશ માં એવી અનેક મહિલા ઓ છે જે આ ક્ષેત્ર માં ફરજ બજાવી રહી છે અને દેશ નું નામ ઊંચું કરી રહી છે.આપ સંરક્ષણ ના મુખ્યત્રણ વિભાગ આર્મી , નેવી અને એઈર ફોર્સ માં ભરતી થઈ શકો છો. એએફએમસી(આર્મ્ડ ફોર્સિસ મેડિકલ કોલેજ)ની પરીક્ષા આપીને આપ મેડિકલ કોર્પમાં ૧૨મી પછી ભારતીય આર્મિમાં જોડાઈ શકો છો.એ સિવાય આપ સી.ડી.એસ (કોમન ડિફેન્સ સર્વિસ) ની પરીક્ષા આપી આર્મી , નેવી અને એઈર ફોર્સ માં સેવા આપીશકો



છો.એક વાત જણાવવા માંગીશું કે આપ આઈ.એમ.એ (ઇંડિયન મિલેટરી અકાદમી) માં પ્રવેશ મેળવી શકતા નથી કારણકે એ ફક્ત છોકરાઓ માટે હોયછે.

જો આપ ઇંડિયન આર્મી માં જોડાવા માંગતા હોય તો આપે ઓ.ટી.એ (ઓફિસર્સ ટ્રેઈનીંગ અકાદમી) માં પ્રવેશ મેળવી શકો છો. સી.ડી.એસ ની લાયકાત રૂપેઆપે કોઈ યુનિવર્સિટી માંથી સ્નાતક ની ડિગ્રી મેળવેલ હોવી જરૂરી છે.જો આપ એઈર ફોર્સ માં જવા મંગતા હોય તો આપે ૧૧ અને ૧૨ માં ધોરણ માં ફિઝીક્સવિષય નું ચયન જરૂરી બની જાય છે.એ સિવાય જો આપ નેવી માં જવા માંગો છો તો આપે ૧૨મુ ધોરણ ગણિત સાથે અને બી.એસ.સી ની ડિગ્રી ફિઝીક્સ સાથેઅથવા એન્જીનિયરીંગ ની ડિગ્રી જરૂરી બને છે.ઉમર સંબધિત લાયકાત ની વાત કરીએ તો આર્મી માટે ૧૯ થી ૨૪ વર્ષ જ્યારે નેવી અને એઈર ફોર્સ માટે ૧૯ થી ૨૩ વર્ષ નક્કી કરવામાં આવેલ છે. શુભેચ્છાઓ, એક ઉજ્જવળ ભવિષ્ય માટે.

**૨. હું હાલ સરકારી નોકરીની તૈયારી કરું છું. મેં ઇલેક્ટ્રિકલ એન્જીનિયરીંગ કરેલ છે.મને મારા ફિલ્ડની યોગ્ય સરકારી નોકરી વિશે માહિતી આપશો.**

**-નિખીલ પટેલ, હિંમતનગર**

ઇલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનીયરીંગમાં બી.ટેક પૂર્ણ કરનાર ઉમેદવારો ઇલેક્ટ્રિકલ ઇજનેરી અને ઈલેક્ટ્રોનિક્સ ઈજનેરીના ક્ષેત્રોમાં કામ કરી શકે છે.આ ક્ષેત્રોમાં ઘણી સરકારી નોકરીઓ ઉપલબ્ધ છે. બી.ટેક ઇલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનીયરીંગના સ્નાતકો યુ.પી.એસ.સી., એસ.એસ.સી. અને રેલ્વે ભરતી બોર્ડ દ્વારા સરકારી ક્ષેત્રે સારી નોકરી મેળવવા માટે ઘણી સરકારી પરીક્ષાઓમાં ભાગ લઈ શકે છે. જાહેર ક્ષેત્રની બૅન્કોમાં પણ આ સ્નાતકો માટે નોકરીની ઘણી તકો છે. ઉપરોક્ત જણાવેલ દરેક સંસ્થા દ્વારા સ્પેશિયલ ટેકનિકલ એન્ટ્રી થતી હોય છે. આપ ઇલેક્ટ્રિકલ એંજિનીયર છો એટ્લે મોટાભાગે ઉપર જણાવેલ બધીજ સંસ્થાઓમાં



તમારી ભરતી થઈ શકે છે. તે માટે આપે અલગ-અલગ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી જરૂરી છે. આપ યૂ.પી.એસ.સી. દ્વારા લેવાતી ભારતની પ્રતિષ્ઠિત એવી એન્જિનીયરીંગ સર્વિસિસ એક્ઝામ (ઈ.એસ.ઈ) આપી શકો છો અને ઈંડિયન એંજિનયરિંગ સર્વિસિસનો ભાગ બની શકો છો. બૅન્કોમાં પણ આપ ઇલેક્ટ્રિકલ એંજિન્યરની ભરતી જ્યારે આવે ત્યારે આપ તેમાં જોડાઈ શકો છો. વિવિધ જાહેરક્ષેત્રની સંસ્થાઓ પણ આ સ્નાતકો માટે વધુ સારી નોકરીની તક આપે છે જેમ કે ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (ભેલ), ભારત સંચાર નિગમ લિમિટેડ (બીએસએનએલ), સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ), ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો), હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) વિગેરે. એન્જિનીયરીંગમાં બી.ટેક.ના સ્નાતકો માટે રેલ્વે ભરતી બોર્ડ દ્વારા કેટલીક પરીક્ષા લેવામાં આવે છે. ભારતીય રેલવેમાં આ સ્નાતકો માટે ઉપલબ્ધ કેટલીક પોસ્ટ્સ છે જમકે સેક્શન એન્જિનિયર, જુનિયર એન્જિનિયર અને ઈલેક્ટ્રિકલ ડિવીઝનલ એન્જિનિયર. આ સિવાય આપ અલગ-અલગ ઝોનમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ હેઠળ આવેલ વીજ કંપની લિમિટેડજેવી કે ઉત્તર ગુજરાત વિજ કંપની લિમિટેડ (યુ.જી.વી.સી.એલ) એવી જ રીતે પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ અને દક્ષિણ ગુજરાત વિજ કંપની

લિમિટેડ વિગેરેમાં પણ ઈજનેર તરીકે અથવા તો વિદ્યુત સહાયક તરીકે જોડાઈ શકો છો. આપ સરકારી કોલેજોમાં એક શિક્ષક તરીકે પણ ફરજ બજાવી શકો છો. આપ ધ્યાન રાખજો કે ઉપરોક્ત જણાવેલ પરીક્ષાઓ અને તેના લગભગ બધીજ સરકારી ભરતીઓમાં પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. તો આમ આપની પાસે વિકલ્પ ઘણા છે. આપ એક ધ્યેય નક્કી કરો અને તેની પાછળ અથાગ મહેનત કરો, સફળતા આપને જરૂર મળશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરું છું પણ દર વખતે થોડા માર્ક્સ ઓછા પડે છે અને પરીક્ષા પાસ કરી શકતો નથી. શું કરવું?**

**- રાજદીપસિંહ જાડેજા, ગાંધીનગર**

રાજદીપ ,આપે જણાવ્યુ એ પ્રમાણે આપ દર વખતે ગુણ થોડા ઓછા આવવાને કારણે પરીક્ષા પાસ કરી શકતા નથી. તો એક વાત તો ફલિત થાય છે કે આપ જે દિશામાં મેહનત કરી રહ્યા છો તે એકદમ સાચી છે. ફક્ત જે થોડી કચાશ રહી જાય છે એ દૂર કરવાની છે. આપને જણાવી દઈએ કે એવા ઘણા વિદ્યાર્થીઓ છે જેઓ થોડા માર્કસ માટે પરીક્ષા પાસ કરી શકતા નથી પણ આપે મેહનત છોડ્યા વગર સતત મેહનત ચાલુ રાખવાની રહશે. એક દિવસ આપને સફળતા ચોક્કસ મળશે. સ્વામી વિવેકાનંદના એક વાક્યનું અહિયાં ઉલ્લેખ કરીશું' "ઉઠો ,જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો". હવે આપના પ્રશ્નના નિરાકરણની વાત કરીએ તો સૌપ્રથમ આપ એ નક્કી કરો કે



એવા કયા વિષયો છે જેના કારણે આપ ઉત્તીર્ણ થઈ શકતા નથી. એ વિષયો પર આપ વધારે મેહનત કરીને એ ખામીને પૂરી શકો છો. જેમકે આપ ગણિતમાં વધુ માર્કસ લાવી શકતા નથી તો આજથી જ એ વિષયની અથાગ પ્રેક્ટિસ શરૂ કરો અને મેહનત કરીને એ વિષયમાં મહત્તમ માર્કસ લાવવાનો પ્રયાસ કરો. તેની સાથે એ વિષય જેના પર આપની મજબૂત પકડ છે તે વિષયમાં જો હજુ તમારા માર્કસ વધારી શકાય છે કે નહીં તે ચકાસો. જો શક્યતા હોય તો આપના મજબૂત પકડવાળા વિષયમાં પણ આપ પોતાના માર્કસ વધારી શકો છો. તેના માટે પણ પ્રેક્ટિસ જરૂરી છે. એક અન્ય બાબત એ છે કે આપ બની શકે એટલા વધુ મોક પેપર (મોક ટેસ્ટ) આપવાનો અને ટેસ્ટ આપ્યા પછી તેનું વિગતવાર વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરો જે તમને ચોક્કસ સફળતા પ્રાપ્ત કરવા માટે ઉપયોગી નિવડશે. વધુ માં જણાઈએ તો કોઈ પણ પરીક્ષામાં આપ કેટલા પ્રશ્નોના જવાબ લખો છો એના કરતા કેટલા પ્રશ્નોના જવાબ નથી લખતા એ મહત્વનું છે કારણકે દરેક સ્પર્ધાત્મક પરીક્ષામાં ખોટા પ્રશ્નોના અમુક માર્કસ માઈનસ (ઓછા) થતાં હોય છે તો આપ પરીક્ષામાં એજ પ્રશ્નોના જવાબ આપો જેના ઉપર આપને સો ટકા ખાતરી હોય જેથી આપના કોઈ વધારાના માર્કસ માઈનસ ન થઈ શકે. આમ આપ ઉપરની બાબતો પર ધ્યાન આપીને પરીક્ષા આપશો તો ચોક્કસ સફળતા પ્રાપ્ત કરશો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુકઃ www.facebook.com/questions.careercorner